Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૬. સં. ૧૯૮૬ કાર્તિક. આત્મ સં. ૩૪. અંક ૪ થો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષારંભ વા વીર જયન્તિ. | ... ૮૧ | ૫ સોઽહં. | ... ૯૪ |
| ૨ શ્રી વીર વંદન. | ... ૮૨ | ૬ શ્રી મહાવીર મોક્ષ વિલાપ | ... ૯૫ |
| ૩ શ્રી તીર્થંકર ચરિત્ર. | ... ૮૩ | ૭ કાર્ય અને આશા. | ... ૯૮ |
| ૪ જૈન ઐતિહાસિક સાહિત્ય. | ... ૮૭ | ૮ પ્રકીર્ણ—બોધ. | ...૧૦૧ |
| | | ૯ સ્વીકાર અને સમાલોચના. | ...૧૦૩ |


મુદ્રક:—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિં. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ઉપયોગી સીરીઝ.

## સતી શિરોમણી કુસુમશ્રીનું ચરિત્ર.

આ સભા તરફથી સભાના ધારા મુજબ આર્થિક સહાય આપનાર ગૃહસ્થોના નામથી કેટલીક સીરીઝો ( ગ્રંથો ) પ્રકટ કરી સાહિત્ય પ્રચાર કરવામાં આવે છે. તે પ્રમાણે શ્રીમતી કસ્તુરબ્હેન તરફથી સભાના ધારા પ્રમાણેની એક રકમ મળવાથી શ્રી ઉપયોગી ગ્રંથ સભા તરફથી પ્રકટ કરવામાં આવશે. તે બ્હેનની ઇચ્છા મુજબ તેમની સીરીઝના ગ્રંથ તરીકે સતી શિરોમણી કુસુમશ્રીનું ચરિત્ર પ્રગટ થશે કે જે ગ્રંથ રસિક, બોધપ્રદ, શીયલનો અદ્દભુત મહિમા જણાવનાર શ્રી ઉપયોગી અને પઠન પાઠન કરવા જેવો છે. તૈયાર થાય છે. સભાના લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે અને અન્યને યોગ્ય કિંમતે મળી શકશે.

---

# અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો.

આ માસમાં આપવા માટે ગયા અને તેની પહેલાંના અંકમાં જાહેર કર્યું હતું; પરંતુ આ શહેરમાં આજે બે માસથી તાવની સખ્ત બીમારી મોટા પ્રમાણમાં ચાલતી હોવાથી છાપખાનાના માણસો બીમાર પડી જતાં તૈયાર થઇ શક્યા નથી તેથી ઢીલ થઇ છે, જેથી અમારા સુજ્ઞ સભાસદો દરગુજર કરશે. હવે તે તૈયાર થતાં તરતજ ધારા પ્રમાણે દરેક ( લાઇફ ) સભાસદ બંધુઓને મોકલી આપવામાં આવશે.

---

# શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

### શેઠ શ્રી અમરચંદ હરજીવનદાસની સહાયવડે તેમની સીરીઝ તરીકે આ ગ્રંથ છપાયેલ છે.

અદ્વિતીય જીવન ચરિત્રના શિક્ષારૂપ બોધપ્રદ આ ગ્રંથ છે. આ ગ્રંથની રચના સંવત ૧૪૫૨ ની સાલમાં શ્રી જ્ઞાનસાગરસૂરિ મહારાજે કરી છે. પ્રભુ શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. આ ચરિત્રની રચના પ્રતિભાશાળી, મનોહર, રસગૌરવ શૈલીથી અલંકૃત છે. ગ્રંથની રચના અલૌકિક અને તેમાં છુપાયેલ તાત્વિક બોધ અસાધારણ હોઇ તે વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, ધર્મરૂપી કલ્પવૃક્ષનું સ્વરૂપ સમજી, તેનો પ્રભાવ જાણી તેનો આદર કરતાં મોક્ષ સન્મુખ લઈ જાય છે. આ ગ્રંથમાં જે મહાન પ્રભુનું ચરિત્ર આપેલ છે, તે સમયમાં દેશની સામાજિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિ કેવી હતી તેનું પણ પઠન કરનારને ભાન થાય છે. શરૂઆતમાં અઢીદ્વીપ સંબંધી ગ્રંથકાર મહારાજે સંક્ષિપ્ત વર્ણન આપેલ હોવાથી, આ ચરિત્રવાંચનથી ભુતકાળના ઇતિહાસ સાથે જૈન ભૂગોળનું પણ જાણપણું થાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન-પાઠન કરવા જેવો હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં, પુસ્તકાલયમાં હોવો જોઇએ. રોયલ આઠ પેજી પીસ્તાળીશ ફોર્મ સાડા ત્રણશેંહ પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ટાઈપથી ગુજરાતી ભાષામાં છપાવી સુંદર કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति,
स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः क्षिप्रं शोषमुपयाति,
न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न
शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो
भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ।

तत्त्वार्थ सूत्र–भाष्य–द्वितीय अध्याय ।

पुस्तक २७ } वीर सं. २४५६ कार्तिक. आत्म सं. ३४. { अंक ४ थो.

ॐ

# वर्षारंभ वा वीर जयन्ति.

( દોહરો. )

'વર્ધમાન' વૃદ્ધિ કરણ, ગુણ પ્રદર્શક નામ;
'વીર' અને "મહાવીર" પણ, સૂચક સદ્દગુણ ધામ.

( નાથ કૈસે ગજકો બંધ છૂડાયો—એ ચાલ. )

મંગલ સ્મરણ આનંદકારી, પૂણ્ય **જયન્તિ** વિભુ "વીર" તારી. મં૦
દેહવિલય દિન આજ અનુપમ, મૂક્તિનિલય સ્થિત લેખું;
હર્ષ શોકનો સંગમ સાથે, યોગ વિયોગ વિલેખું. મં૦
"શુદ્ધ ધર્મ આચ્છાદન સમયે, આર્ય પ્રણાલી પલટે;
કુદરત ક્રમથી ધર્મોદ્ધારક, નિયમિત નિશ્ચય પ્રકટે." મં૦
તદ્વત યોગ્ય સમય સમજી પ્રભુ, સત્ય ધર્મ સંસ્થાપે;
સાધક સુખકર સાધ્ય બતાવે, તિમિર તથાવિધ કાપે. મં૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિંસા સત્ય અસ્તેય અને, બ્રહ્મચર્યાપરિગ્રહી પૂરા;
પ્રતિષ્ઠિત વ્રત પાંચે પૂરણુ, કર્મ કઠિન કરે ચૂરા. મં૦
કૈવલ્ય જ્ઞાન અને દર્શન સહુ, ચારિત્ર સુંદર જેનું;
દ્રવ્યો ષટ્ દર્શક રક્ષક ષટ્-કાયક પૂર્ણ પદ તેનું. મં૦
જડ ચેતનનો ભેદ અપૂરવ, જેહ બતાવે સાચો;
અનુભવ કરવા કારણ ચેતન !, સત્ય માર્ગ પર માચો. મં૦
મંગલ વર્ષે મંગલકારી, મંગલ ધર્મ પ્રભાવે;
મંગલ ધ્યાને મંગલ આનંદ, પ્રકટે પ્રેમ સ્વભાવે. મં૦

વીરાબ્દ ૨૪૫૬
નૂતન વર્ષારંભ.
મુંબઇ ૩
} વેલચંદ ધનજી.

## ' શ્રી વીર વંદન. '

( સાંભળજો તુમે અદ્દભૂત વાતો—એ રાગ )

વીર પ્રભુને વંદના મારી, હોજો વાર હજારરે;
કર્મપડલ સહુ દૂર કરીજે, અર્પે મુક્તિ નિધાનરે વીર૦ (૧)
ત્રિશલા કેરી કુક્ષી ઉજાલી, દીપાવ્યો સિધારથ વંશરે;
પરણ્યા જે યશોમતી રાણી, રહ્યા અંતરથી ન્યારારે. વીર૦ (૨)
વિવેક નંદીષેણ્ણનો કીધો, પઠવ્યો જગને પાઠરે;
કર્મ જ મોહાવલી દૂર થાતાં, લીધો સંયમ ભારરે. વીર૦ (૩)
લેઇ સંયમ.સાધ્યા સુખડા, આતમકેરા સાચારે;
ઉપસર્ગ સહીને તપવી કાયા, ભસ્મ કર્યા સૌ કર્મોરે. વીર૦ (૪)
ભસ્મ કર્યા સૌ કર્મને પામ્યા, ઉજ્વલ કેવલજ્ઞાનરે;
લોકાલોકનું જ્ઞાન પ્રકાશી, તાર્યા પ્રાણી થોકરે. વીર૦ (૫)
તાર્યા પ્રાણીને કાર્ય જ સાધ્યું, અંતે થયા અરિહંતરે;
સિદ્ધશીલાએ સિદ્ધિ જ વરિયા, પામ્યા ભવોદધિ પારરે. વીર૦ (૬)
પામ્યા પારને મેળવ્યા સિદ્ધના, આઠગુણ વિખ્યાતરે;
નિત્ય સ્મરણથી જેહના પામે, સિદ્ધિપદ ભવી પ્રાણીરે. વીર૦ (૭)
મહિમા મોટો સિદ્ધિપદનો, જ્ઞાનીએ શાસ્ત્રમાં ભાખ્યોરે;
જેહ આરાધી ત્રિભુવન પામે; સુખશાંતિ કલિકાલેરે. વીર૦ (૮)
કલિકાલે ' વીર ' એ પદ ધરતા, આલંબન જગના સાચારે;
'**નિર્મળ**' જેના ધ્યાનથી, પામે જગમાં સૌ કલ્યાણરે. વીર૦ (૯)

રા. ' નિર્મળ '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ
# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ઠ ૭૧ થી શરૂ )

### ૯–૩૩–૩૮૦ થી ૩૮૨–**શ્રી ઋષભદત્ત દેવાનંદા ચરિત્ર.**

તે કાળ અને તે સમયને વિષે બ્રાહ્મણ **કુંડગ્રામ** નામનું નગર હતું, વર્ણક. તે બ્રાહ્મણ કુંડ ગ્રામ નામનાં નગરમાં **ઋષભદત્ત** બ્રાહ્મણ રહે છે, જે આઢય, તેજસ્વી, પ્રસિદ્ધ, યાવત....( વિસ્તારવાળા બહુ ભુવન, શયન, આસન, યાન, વાહનથી પરિપૂર્ણ ) બીજાથી પરાભવ નહીં પામેલો **ઋગ્વેદ**, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદમાં યાવત્....સ્કંધકની પેઠે બીજા ઘણા બ્રાહ્મણ સંબંધીનાં ન્યાયમાર્ગમાં સુપ્રતિષ્ઠિત શ્રમણોપાસક ( શ્રાવક ) જીવ–અજીવનો જાણકાર પુણ્ય પાપ ( ફળને ) પ્રાપ્ત કરનાર યાવત્....આત્માને ભાવતો થકો રહે છે. તે ઋષભદત્ત બ્રાહ્મણને **દેવાનંદા** નામે બ્રાહ્મણી ( પત્ની ) હતી.

તે કોમળ હાથપગવાળી યાવત્....પ્રિય દર્શના, સુરૂપાળી, શ્રમણોપાસિકા, જીવ અજીવને જાણનારી પુણ્ય પાપને ભોગવતી યાવત્....વિચરે છે ( રહે ) છે તે કાળ અને તે સમયને વિષે **સ્વામી** સમોસર્યા, પર્ષદા સેવા કરે છે. ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણ આ કથાને સાંભળીને હૃષ્ટ યાવત્....હૃદયવાળો બનીને જ્યાં દેવાનંદા બ્રાહ્મણી છે ત્યાં આવે છે, આવીને દેવાનંદા બ્રાહ્મણીને આ પ્રમાણે કહે છે. હે દેવાનુપ્રિયા ! નિશ્ચે શ્રમણ ભગવાન **મહાવીર** આદિકર યાવત્....સર્વજ્ઞ, સર્વદર્શી આકાશમાં રહેલ **ચક્રવડે** ( ધર્મ ચક્રવડે ) સુખપૂર્વક સુખેથી વિહાર કરતા **બહુશાલક ચૈત્યમાં** યથાનુકુળ અવગ્રહ

* ૧ છ દ્રવ્યો સૂત્ર ૧૧૮ થી. ૧૨૫, ૩૪૬, ૭૪૫. છ દ્રવ્યોની અભિવાયણા સૂત્ર–૬૬૪ ધર્માસ્તિકાયાદિનાં પ્રદેષસ્પર્શના સૂત્ર–૪૮૨ થી ૪૮૭ પરમાણુ પુદ્ગલો. સુત્ર ૪૧, ૮૦, ૨૧૪ થી ૧૮, ( ૩૨૮ ) અઢાર પાપ અને તનવાયુ વિગેરેનારસાદિ, સૂત્ર–૪૪૯, ૪૫૦ વાદળાની આકૃતિ સૂત્ર–૧૫૭ રૂપપરાવર્ત્તન ચમત્કાર સૂત્ર–૧૬૧, ધાતુ વિચાર–૧૮૧ વાદિંત્ર શબ્દો સૂત્ર–૧૮૫ પ્રકાશ અંધકાર સૂત્ર–૫૧, ૨૨૪, કર્મસૂત્ર–૨૩૬, ( શાતાઅશાતા નિમિત્તો–) ૨૮૬ લેશ્યા–૩૬૭
* ૨ ચૈતન્ય જીવનો સમન્વય સૂત્ર, ૨૫૬, પ્રમાદ યોગ, વીર્ય, શરીર, જીવ ઉત્થાનાદિ સૂત્ર–૩૪ વાયુકાયનાં જીવોની અથડામણી–સૂત્ર ૮૬ જીવનામો, સૂત્ર, ૮૮, ૮૯ વાયુના ભેદો સૂત્ર–૧૮૦ આયુષ્ય સૂત્ર–૨૦૪–૨૨૨ જીવોની હાની વૃદ્ધિ સૂત્ર ૨૧૯, ૨૨૨, આહાર, ૨૩૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( અભિગ્રહ લઈને ) યાવત્....રહેલા છે. તો હે દેવાનુપ્રિય ! તેવા પ્રકારનાં અરિહંત ભગવંતના નામગોત્ર **શ્રવણુ** માત્રથી પણ મોટો લાભ થાય છે. તો પછી ગમન, વંદન, નમસ્કાર પ્રશ્નપૃચ્છા અને ઉપાસનાનું તો પૂછવું જ શું ? એકપણ આર્ય–ધાર્મિક સુવચનના શ્રવણવડે ( મોટો લાભ થાય છે ) તો પછી વિપુલ અર્થના સ્વીકારનું તો શું કહેવું ? માટે હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરીએ, નમસ્કાર કરીએ, યાવત્....ઉપાસના કરીએ, જે આપણને આ ભવમાં અને પરભવમાં હિતને માટે, સુખને માટે, ક્ષમાને માટે અને શુભ અનુબંધને માટે થશે ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણી ઋષભદત્ત બ્રાહ્મણવડે આ પ્રમાણે કહેવાતી થકી હૃષ્ટ યાવત્....હૃદયવાળી કરતળ યાવત્....કરીને ઋષભદત્ત બ્રાહ્મણનાં આ કથનને વિનયથી સાંભળે છે. ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણ કૌટુંબીક પુરૂષોને બોલાવે છે. બોલાવીને જણાવ્યું કે–ભો દેવાનુપ્રિય ! તમો શીઘ્ર ગતિવાળા, યૌગિક સરખી ખુરાવાળા, સમાન પુચ્છવાળા સરખી રીતે કોરાએલ શીંગડીવાલા શુદ્ધ સોનાની બનાવેલ કલાપવાળા પ્રતિવિશિષ્ટ ( વિશેષતાવાળા ) રૂપાની ઘંટડી સુતરની દોરડીમાં સોનાવડે બનાવેલ નાથ ( લગામ ) થી બાંધેલા. લીલા કમળની કલગીવાળા અને શ્રેષ્ઠ એવા યુવાન બળદવડે યુકત, વિવિધ મણિમય ઘંટિકા જાળથી શોભાયમાન, શ્રેષ્ઠ ધુંસરાવાળા, જોતરનાં જોટાથી શોભતા, પ્રશસ્ત રચનાથી બનાવેલ શ્રેષ્ઠ લક્ષણવાળા ધર્મના કાર્યમાં વપરાતા શ્રેષ્ઠ રથને જોડીને ( તૈયાર કરીને ) લાવો. અને મારી આજ્ઞાને પાછી સોંપો ત્યારે તે કૌટુંબીક પુરૂષો ઋષભદત્ત બ્રાહ્મણવડે આ પ્રમાણે આજ્ઞા કરાતા હર્ષ યાવત્....હૃદયવાળા કરતળ યાવત્....એ પ્રમાણે સ્વામી હો એ પ્રકારે આજ્ઞા–વિનયવડે વચન યાવત્....સાંભળીને જલદી શીઘ્રગતિવાળા યાવત્.... ધાર્મિક શ્રેષ્ઠ રથને જોડી લાવીને યાવત્.... તે આજ્ઞાને પાછી સોંપે છે. ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણ સ્નાન કરીને યાવત્....થોડા છતાં બહુ મૂલ્યવાળા આભરણ વડે શરીરને શોભાવીને પોતાનાં ઘરમાંથી નીકળ્યો. નીકળીને જ્યાં બહારની જગ્યા છે જ્યાં ધાર્મિક શ્રેષ્ઠ રથ છે ત્યાં આવ્યો. આવીને ધાર્મિક શ્રેષ્ઠ રથ ઉપર ચઢીને બેઠો. + ૧

ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણીએ એ અંતઃપુરની અંદર સ્નાન કર્યું. **બલીવિધાન** કર્યું, કૌતુક મંગળ પ્રાયશ્ચિત કર્યું તથા પગનાં શ્રેષ્ઠ ઝાંઝરો, મણીની મેખલા ( પંકિતથી ) શોભિત, કડા, વીંટી, એકાવલી, કંઠસૂત્ર, હીર ગ્રૈવેયેક, ( હાંસડી ) કંદોરો અને વિવિધ મણી રત્નના આભૂષણોવડે શરીર અલંકાર્યું. શ્રેષ્ઠ **ચીનાંશુક** વસ્ત્ર પહેર્યું. સુકુમાલ **દુકુલને** ( એક પ્રકારની વૃક્ષ છાલનું વસ્ત્ર ) ઉપર ધારણ

+ ૧ અહીં બધા બહુ વ્રીહી સમાસ છે. પણ અર્થની સુલભતા માટે કૃદંત પ્રયોગવાળા વાકયો બનાવ્યાં છે. અને ત્યારપછીમાં યથાસ્થાને વર્ત્તમાનને સ્થાને ભૂતકાળનો પ્રયોગ કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું મસ્તક ઉપર સર્વ ઋતુના સુગંધી **પુષ્પો** ગોઠવ્યા, કપાળમાં ચંદન લગાવ્યું ( આડતાણી ) શરીર ઉપર શ્રેષ્ઠ આભૂષણો પહેર્યાં, કાલાગુરૂનો **ધૂપ** આપ્યો, લક્ષ્મી સમાન શોભા ધારણ કરી યાવત્....બહુ મૂલ્યવાળા એવા થોડા આભરણોથી શરીર અલંકૃત કર્યું અને **કુબ્જ** ચિલાતોત્પન્ન વામન વડહિયા ( મોટા કોઠાવાળી વડારણ ) **બર્બર** દેશની સ્ત્રીઓ, બુકશનની સ્ત્રીઓ, ઇસિનિકા ખારૂગણિતા યેનિક દેશની સ્ત્રીઓ, પલ્હવિકા પહ્‌લવની સ્ત્રીઓ લકુશની સ્ત્રીઓ **આરબણો** દ્રમિલ સ્ત્રીઓ **સિંહલણો** પુલિંદ્ર સ્ત્રીઓ પુષ્કલની સ્ત્રીઓ બહલની સ્ત્રીઓ મુરંડની સ્ત્રીઓ શબરીઓ **પારસણો** વિવિધ દેશમાં પ્રવીણ બનેલી, પોતપોતાનાં સ્વદેશી વેષવાળી, ઇશારા, વિચાર તથા માગણીને જાણનારી, કુશલ સ્ત્રીઓ વડે યુકત દાસીસમુહ વર્ષધર ( નપુંસક કરેલા ) વૃદ્ધ કંચુકીઓ અને અન્તઃપુરના વડેરીના સમુદાયને સાથે લીધો. યાવત્....અંતઃપુરથી નીકળી, નીકળીને જ્યાં બહારનો ભૂમિભાગ છે, જ્યાં ધાર્મિક શ્રેષ્ઠ રથ ઉભો છે. ત્યાં આવી, આવીને યાવત્....શ્રેષ્ઠ ધાર્મિક રથ ઉપર ચડી બેઠી, ત્યારે તે ઋષભદત્ત દેવાનંદા બ્રાહ્મણ બ્રાહ્મણીની સાથે ધાર્મિક શ્રેષ્ઠ રથમાં બેસીને પોતાના પરિવાર સાથે બ્રાહ્મણ કુંડગ્રામ નગરના મધ્યમાંથી નીકળે છે નીકળીને જ્યાં બહુશાળા ચૈત્ય છે ત્યાં આવે છે. આવીને તીર્થંકરના અતિશય રૂપ **છત્ર** વિગેરેને જુએ છે, જોઇને ધાર્મિકરથને ઉભો રાખે છે, ઉભો રાખીને ધાર્મિક શ્રેષ્ઠ રથથી ઉતરે છે. અને સચિત્ત દ્રવ્યનો ત્યાગ ઈત્યાદિ દ્વિતીય શતકમાં કહેલ પાંચ પ્રકારનાં અભિગમ ( મર્યાદા વર્ત્તન ) વડે શ્રમણ ભગવાન મહાવીરની સન્મુખ જાય છે. યાવત્....ત્રિવિધ (મન, વચન, શરીર,) ભકિત વડે ઉપાસના કરે છે. ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણી ધાર્મિક શ્રેષ્ઠ રથથી ઉતરે છે. ઉતરીને અનેક કુબ્જ યાવત્.... વૃદ્ધ કંચુકી વડે વીંટાઇ થકી પાંચ અભિગમ (મર્યાદા) સાચવી શ્રમણ ભગવાન મહાવીરની સન્મુખ જાય છે–તે આ પ્રમાણે—

સચિત્ત વસ્તુનો ત્યાગ, અચિત્ત વસ્તુનો ત્યાગ, વિનયથી નમેલી દેહલતા, દર્શન થતાવાર હાથ જોડવા, અને મનમાં એક લીનતા પ્રકટાવવી, એ રીતે કરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર છે. ત્યાં આવે છે. ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર જમણી બાજુથી પ્રદક્ષિણા કરે છે. પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કરે છે. વંદન કરીને નમીને ઋષભદત્ત બ્રાહ્મણને આગળ કરીને રહી થકી પરિવાર સહિત શુશ્રુષા કરતી નમતી વિનયવડે હાથ જોડીને સન્મુખ રહી થકી સેવા કરે છે. ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણી પરસેવાથી ભીની વિકસિત છે નેત્રવાળી ( હર્ષાતિરેકથી ) વલયમાં સ્થૂલતા બહુવાળી વિસ્તાર પામતા કંચુઆવાળી વૃષ્ટિથી હણાતા કદંબ પુષ્પ સમા ઉઘડેલા રોમકુપ ( ઉભા રૂંવાડા ) વાળી થઈ થકી–અનિમિષ દૃષ્ટિએ શ્રમણ ભગવાન મહાવીરને જોતી જોતી રહેલી છે. ગૌતમ–હે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભંદત ! એમ બહુ માનપૂર્વક શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરે છે. નમન કરે છે વાંદી નમીને બોલ્યો કે—

હે ભગવાન્ ! આ દેવાનંદા બ્રાહ્મણી પ્રસ્વેદવાળી પૂર્વોક્તરીતે યાવત.... રોમકુપવાળી બનીને આપને અનિમિષનયને જોતી જોતી કેમ ઉભી છે ?

ગૌતમાદિ ! એવા સંકેતપૂર્વક શ્રમણ ભગવાન મહાવીર ગૌતમપ્રત્યે બોલ્યા કે—હે ગૌતમ ! ચોક્કસ દેવાનંદા બ્રાહ્મણી મારી માતા છે. હું દેવાનંદા બ્રાહ્મણીનો આત્મજ છું તેથી તે દેવાનંદા બ્રાહ્મણી તે પ્રથમનાં પુત્રસ્નેહથી પ્રેમવડે પ્રસ્વેદવાળી યાવત....ઉઘડેલા રોમકુપવાળી બની છે. અને અનિમિષ દષ્ટિએ મને જોતી જોતી ( ઉભી છે. ) ઉભેલી છે ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે ઋષભદત્ત બ્રાહ્મણને માટે દેવાનંદા બ્રાહ્મણીને માટે તે અતિવિશાળ ઋષિ પર્ષદા માટે યાવત્....... ( સેંકડો હજારોની સંખ્યામાં રહેલ મુનિ—યતિની સભામાટે ઉપદેશ આપ્યો ).... પર્ષદા ચાલી ગઈ.

ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણ શ્રમણ ભગવાન્ મહાવીર પાસે ધર્મ સાંભળી હૃદયમાં ધરી ખુશી થયો થકો ઉઠે છે. ઉઠીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર યાવત....નમીને આ પ્રમાણે બોલ્યો કે—હે ભગવાન્ ! આ ( નિગ્રંથ પ્રવચન ) એજ પ્રમાણે છે. હે ભગવન્ ! આ તેજ પ્રમાણે છે. જેમ સ્કંદક યાવત્........ ( આ નિગ્રંથ પ્રવચન સત્ય છે. સંદેહ રહિત છે ઇષ્ટ છે. અભીષ્ટિત છે ઈરાદા પૂર્વક અભીષ્ટિત છે. શત૦ ૨ ઉ૦ ૧ ) કે જે પ્રમાણે તમે આ બોલો છો. એમ કહીને ઇશાન કોણ દિશા ભાગમાં જાય છે. જઇને પોતાની મેળે જ આભરણમાળા તથા અલંકારોને ઉતારે છે. ઉતારીને પોતાની મેળે જ પંચમુષ્ટિક લોચ કરે છે. લોચ કરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર છે ત્યાં આવે છે, આવીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર જમણી તરફથી પ્રદક્ષિણા યાવત્........નમસ્કાર કરીને બોલ્યો કે—હે ભગવાન્ ! સંસાર વૃદ્ધાવસ્થા અને મૃત્યુથી સળગી ઉઠયો છે. હે ભગવન્, વૃદ્ધાવસ્થા અને મૃત્યુથી સંસાર અતિશય ભડભડી રહ્યો છે. એ રીતે સ્કંદક ( ગૃહસ્થનું ઉદાહરણ વિગેરે, શતક, ૨ ઉ૦ ૧ ) ની પેઠે અનુક્રમવડે દીક્ષાનો સ્વીકાર કર્યો યાવત.......સામાયિક વિગેરે ( આચારાંગાદિ ) અગીઆર અંગોને ભણે છે. યાવત....વિચિત્ર તપોવિધાનવડે આત્માને ધ્યાતા, ઘણાં વર્ષ સુધી દીક્ષા પર્યાય પાળે છે. પાળીને માસિક સંલેષણાવડે સેવે છે. ઉન્નત કરે છે. ( ઝુસિતા ) સેવીને અનશનવડે સાઠ ટંકના આહારનો ત્યાગ કરે છે. આહાર તજીને જેને માટે નગ્ન ભાવ કરાય છે. ( અનશન ક્રિયા વિગેરે મૃત્યુ પછી વસ્ત્ર પાત્રનું ગ્રહણ વિગેરે ) યાવત....તે પદે ચડીને યાવત્....( સિદ્ધ થયા બુદ્ધ થયા ) સર્વ દુઃખો રહિત થયા.

ત્યારે તે દેવાનદા બ્રાહ્મણીએ શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મ સાંભળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## સકુનિક વિહાર.

સને ૧૯૦૫ ના જુલાઇથી સને ૧૯૦૬ ના માર્ચ સુધીના વેસ્ટર્નસર્કલ (પશ્ચિમ ભાગ) ના ઇન્ડીયન આર્ચીઓલોજીકલ સર્વે સંબંધના પ્રોગ્રેસ રીપોર્ટના પૃષ્ઠ ૪૧-૪૨ પારાગ્રાફ ૨૪ માં મુંબઇ પ્રેસિડેન્સીની મહીકાંઠા એજન્સીમાં આવેલા દાંતા નામના દેશી રાજ્યના મુખ્ય દાંતા ગામથી ઉત્તર પૂર્વ દિશાએ આશરે ચઉદ માઈલ દૂર કુંભારીઆમાં શ્રી નેમીનાથ મહારાજના દેવળના બંધ ઓરડા ( ગઢ મંડપ ) માં ના જૈન કોતરકામ સંબંધે મેં નીચે પ્રમાણે રીમાર્ક કરેલો છે. " પૂજાની વસ્તુઓ પૈકી વિશેષ રમુજી વસ્તુ એક શીલા તકતો છે કે જેના ઉપર જમણી બાજુએ કોતરકામ છે, તેના પરથી તીર્થ યા નદી એવો અર્થ સમજાય છે. અને બીજી બાજુએ એક ઝાડ અને તેની નીચે ચાર ચિત્રો આવેલાં છે, જેમાંના ત્રણ એક બાજુએ અને એક બીજી બાજુએ આવેલું છે. આ બીજી તરફ એક ચિત્ર નીચેથી ઝાડ ઉપરના પક્ષી તરફ તીર ફેંકતો હોય એવા દેખાવમાં આવેલું છે. તેની નીચેનો લેખ આ પ્રમાણે હકીકત વર્ણવે છે—

---

હૃદયમાં ધરી ખુશી થયા થકા શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર જમણી બાજુથી પ્રદક્ષિણા યાવત.......નમસ્કાર કરીને આ પ્રમાણે જણાવ્યું કે—હે ભગવાન્ ! આ ( નિગ્રંથ પ્રવચન ) એજ પ્રમાણે છે. હે ભગવાન્ આ તેજ પ્રમાણે છે. એ રીતે જેમ ઋષભદત્ત. તેમ કહે છે. યાવત....ધર્મ કહે છે. ત્યારે શ્રમણ ભગવાન મહાવીર દેવાનંદા બ્રાહ્મણીને સ્વયમેવ દિક્ષિત કરે છે; દિક્ષિત કરીને પોતાની ઇચ્છાથી જ આર્યચંદના સાધ્વીને શિષ્યા તરીકે સોંપે છે. ત્યારે તે આર્યચંદના આર્યા દેવાનંદા બ્રાહ્મણીને પોતાને હાથે જ મુંડન કરાવે છે. ( કેશલુંચન કરે છે શિષ્યા બનાવે છે ) અને સ્વયમેવ શિક્ષણ આપે છે. એ પ્રમાણે ઋષભદત્તની પેઠે આર્યા ચંદના સાધ્વીનાં આ એવા સ્વરૂપનાં ધાર્મિક કથનને પ્રેમપૂર્વક સ્વીકારે છે. (આદરે છે) તેમની આજ્ઞા થાય તેજ પ્રમાણે ચાલે છે ( વર્ત્તન કરે છે ) યાવત....સંયમમાં પ્રયત્નશીલ રહે છે. ત્યારે તે દેવાનંદા સાધ્વી આર્યચંદના સાધ્વી પાસે સામાયિક વિગેરે અગીઆર અંગોને શીખે છે. શેષ કથન પૂર્વ પ્રમાણે જાણવું. યાવત્.. ( દેવાનંદા સાધ્વી સિદ્ધ થયા બુદ્ધ થયા ) સર્વ દુઃખ રહિત થયા.

**( ઈતિ ઋષભદત્ત દેવાનંદા ચારિત્ર સમાપ્ત )** (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**श्रीमुनिसुव्रतस्वामि-बिंबम्-अश्वावबोध समलिका विहार तिर्थ आद्धार सहितम्**

આનો પાછળનો ભાગ મને તદ્દન સ્પષ્ટ સમજાતો નથી પણ આગલા ભાગ પરથી સમજાય છે કે તે કોતરકામમાં વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામિની પ્રતિમા હતી. પાછલા ભાગમાં જે **તીર્થ** શબ્દ આવેલો છે તે જમણી બાજુના લેખનો અર્થ સ્પષ્ટ કરે છે. તેનો અર્થ મારા જણાવ્યા પ્રમાણે તીર્થ અગર નહી થાય છે.

પણ તીર્થનું નામ અને બીજી વિગત જે તેની સાથે જણાવી છે તે બરાબર સ્પષ્ટ સમજાતી નથી " આથી સ્પષ્ટ થાય છે કે જ્યારે મેં ઉપરનો હેવાલ લખ્યો ત્યારે લેખનો આશય કે કોતર કામની સવિસ્તર હકીકત મને સમજાઇ નહોતી. અને તેથી સ્વાભાવિક રીતે મી૰ કાઉન્સ કે જેઓ લાંબો વખત એજ આબુ પર્વતપર હતા તેમજ જેમણે તેજપાલના દેવળના ગભારા બહારના ઘૂમટમાંના તેવા જ પ્રકારના કોતરકામનો નકશો લીધો હતો તેઓ આ હકીકત કંઇ સ્પષ્ટ કરશે એમ આતુરતા પૂર્વક ધારવામાં હતું. પણ મી૰ કાઉન્સે એક ફૂટનોટમાં નીચે પ્રમાણે સૂચના કરી છે " જાન લેવાના દૃષ્ટાંતના ચિતાર હોવાથી જૈનોને તિરસ્કાર ભરેલો હોવાને:લીધે તે કાળજી પૂર્વક જોવા જેવી બાબત છે. મછવાનો જે ચિતાર આપેલો છે તે તે જમાનાને લઇને સહેતુક હોય એ શંકાયુક્ત છે. તે ઘણું કરી કોતરકામ કરનાર કારીગરની કલ્પના શક્તિ છે. " આથી મારા જ્ઞાનમાં કંઇ ઉમેરો થયો નહી. અને તે કોતરકામનો અર્થ પ્રથમની માફક જ સમજાયા વગરનો રહ્યો.

હવે હમણાં જ હું જણાવી ગયો છું કે આબુ પર્વત ઉપર તેજપાલના દેવળમાં બહારના ઘૂમટમાં એક લગભગ બરોબર મળતો આવા જ પ્રકારનો લેખ છે. અને પ્રોસેસ રીપોર્ટમાં આ:ઉપરનો હેવાલ વર્ણવતાં ફૂટનોટમાં પણ તેજ પ્રમાણે કહ્યું છે. ગઇ મોસમમાં આ દેવળ મેં જોયું હતું. અને મને જોતાં આશ્ચર્ય લાગ્યું કે બહારનાં ઘુમટમાં જે કોતરકામ છે તે શ્રી મુનિસુવ્રતસ્વામીના સંબંધમાં છે. એવું લેખ ઉપરથી અનુમાન થતું હતું કે તે કોતરકામ કોઈપણ રીતે તે તીર્થંકર સંબંધમાં છે. સુભાગ્યે જ્યારે હું આબુપર્વતપર હતો ત્યારે ત્યાં વિદ્વાન પ્રવર્ત્તક મુનિ શ્રી કાન્તિવિજયજી નામના જૈન સાધુ હતા અને તેમણે આ કોતર કામનો વિગતવાર હેવાલ મને સમજાવવા કૃપા કરી, પણ આ હેવાલ કયા જૈન ગ્રંથમાં આપેલો છે તે ગ્રંથનું નામ બતાવી શકયા નહીં. પણ એકવખત તપાસનો મુદ્દો હાથમાં આવવાથી કેટલીક તપાસને અંતે જણાયું કે એવો જ હેવાલ શ્રી શાન્તિવિજયજીએ એક "જૈન" નામના સાપ્તાહિક પત્રમાં પ્રસિદ્ધ કર્યો હતો. આમાં પણ તેઓશ્રીએ જણાવ્યું નહોતું કે આ હેવાલ કયા ગ્રંથને આધારે છે. મને એકાએક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ વિચાર આવ્યો કે **અશ્વાવબોધ અને સકુનિકા વિહાર એ તીર્થો** છે તેથી તે હેવાલ તીર્થકલ્પ નામના જૈન ગ્રંથમાં આવેલો હોવો જોઈએ. મેં એની ત્રણ હસ્તલિખિત નકલો મેળવી અને મારા પ્રયાસ સફળ નિવડયા અને તેમાં આપેલી હકીકત જોયાથી તે કોતરકામનો અર્થ સમજાવવા નીચે પ્રમાણે પ્રયત્નમાં જોડાઉં છું.

પ્રથમ ભાષાંતર કરવામાં જે એક બે ભૂલો થએલી છે તે સુધારવી જરૂરની છે. તે લેખનો અર્થ સમજ્યા વગર મેં **समलिका** અક્ષરોને **स–मलिका** એ પ્રમાણે છુટા પાડયા હતા. અને **स** નો અર્થ મેં **सह** ધારી ઉપસર્ગ તરીકે ગણ્યો હતો અને નામની સાથે ભળીને સમાસિક વિશેષણ કે ક્રીયાવિશેષણ થતું હશે પણ આગળની હકીકતથી સમજાશે કે સમલિકા એક સમાસિક શબ્દ ન હતાં એક આખો શબ્દ છે. જેનો અર્થ એક જાતનું સ્ત્રીજાતિનું સમડી નામનું પક્ષી થાય છે જે ગુજરાતી શબ્દ " સમલી " નું સંસ્કૃતભાષાનું રૂપ છે. તેજ પ્રમાણે મેં અશ્વાવબોધ શબ્દ બે જુદા શબ્દો તરીકે ગણ્યા. જોકે તે એક સ્થળનું નામ છે તોપણ તે એકજ શબ્દ તરીકે ગણવો જોઈતો હતો. આટલી સુધારણા કર્યા બાદ તે લેખની નકલ આ પ્રમાણે છે—

**श्री मुनिसुव्रतस्वामि–बिंबम्–अश्वावबोध–समलिका–विहार–तीर्थओद्वार–सहितम्.** તે લેખ છેવટ ત્રણ બાબત સંબંધમાં કહે છે.

( ૧ ) શ્રી મુનિ સુવ્રતસ્વામિની પ્રતિમા ( બિંબ ) (૨) અશ્વાવબોધ તીર્થ ( ૩ ) સમલિકા વિહાર તીર્થ. આપણે જાણીએ છીએ કે શ્રી મુનિસુવ્રત સ્વામી એ વીસમા તીર્થંકર છે અને બીજા ચિત્રના પ્રથમ અર્ધમાં આપણે તેમની પ્રતિમા જોઇએ છીએ, પણ અશ્વાવબોધ અને સમલિકાવિહાર સંબંધમાં કંઇ જાણવામાં નથી. મેં જણાવ્યું છે તેમ તીર્થ કલ્પ નામના પ્રખ્યાત ગ્રંથના અશ્વાવબોધ કલ્પ નામના પ્રકર્ણમાં આ બંને તીર્થો સંબંધી સવિસ્તર હકીકત આપેલી છે. તે ગ્રંથ પ્રાકૃત ભાષામાં છે. પણ તેનો અશ્વાવ બોધને લગતો ઘણો ભાગ સારાંશ ઈંડીયન એન્ટી કવીટી વોલ્યુમ ૩૦ પૃષ્ટ ૨૯૩ માં પ્રસિદ્ધ થયેલા શત્રુંજય માહાત્મ્યના **મૂળ તત્ત્વ શોધનમાં** વધારા તરીકે જણાયેલું છે. તેથી આપણા ચાલુ કાર્ય માટે મૂળ ગ્રંથનો ઉતારો આપવો જરૂરનો નથી. માત્ર તે હેવાલ કે જે મૂળ તત્ત્વ શોધનમાં આપેલો છે તે અત્રે આપવામાં આવે તો બસ થશે. તે આ પ્રમાણે છે.

ફાગણ શુદી ૧૦ ના રોજ શ્રવણ નક્ષત્રમાં શ્રી મુનિસુવ્રતે પોતાના દીકરાને ગાદીએ બેસાડી ૧૦૦૦ બીજા રાજાઓની સાથે દીક્ષા લીધી. અને શ્રવણ નક્ષત્રની ફાગણ વદી ૧૦ ના રોજ મુનિસુવ્રત સ્વામીનું એક દેવળ બાંધ્યું, જેની સ્થાપના ઈંદ્ર અને બીજા દેવોએ કરી. સ્વામીજી પછી દુનિયાને બોધ આપવા પગે ચાલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીકળ્યા અને પ્રતિસ્થાને ( પૈઠન ) આવી પહોંચ્યા ત્યાં તેમને જણાયું કે ( સમાધિથી ) ભ્રગુકચ્છ નામના ગામમાં થનારા અશ્વમેધમાં સવારે એક અશ્વ જે પૂર્વ જન્મમાં પોતાનો મિત્ર હતો તેને બલી આપવાનો છે અને તુરત નીકળ્યા અને રસ્તામાં પળવાર સિદ્ધપુર આગળ વિશ્રામ લીધો જે ઠેકાણે એક દેવળ વજાભીત રાજાએ મળસકે ઉભું કીધું. સવારમાં વહેલાં સ્વામીજી ભ્રગુકચ્છ પહોંચ્યા જે ઠેકાણું ૬૦ જોજન દૂર થતું હતું. અને કોરન્ટ જંગલમાં મુકામ કર્યો કે જ્યાં દેવો અને જીતશત્રુને સ્થળનો ગવર્નર પોતાના સૈન્ય અને તે અશ્વ સાથે દર્શનમાં જતા હતા. તે મુનિએ તે મંડળને નીચે પ્રમાણે બોધ આપ્યો. આ દુનિયા એક ભયંકર બિયાબાન જંગલ છે. અહીંઆ દુષ્ટ પ્રાણીઓથી વચમાં ઘેરાયલો એ અનાથ પ્રાણી અગર પ્રવાસીને અસુરો ઘણુંજ રીબાવે છે. પવિત્ર માર્ગમાં ચાલતાં તેને ચાર દોર બાંધેલો છે અને દુષ્ટ જંગલી તેને ઘણું દુ:ખ દે છે. તે માત્ર પવિત્ર અને પૂજ્યપણાથી બચાવી શકાય છે. અનાથનો બચાવ કરવો એજ ધર્મ છે અને તેજ ફરજથી બધાને સુખ આપી શકાય છે. જીતશત્રુએ પૂછયું કે આ બોધ કોને લાભકર્તા છે, તેના જવાબમાં બોધકે જવાબ દીધો કે “ કોઇ નહિ પણ તે ઘોડો ” જીતશત્રુ રાજાએ કહ્યું સાહિબજી આ ઘોડો કયો કે જે જનાવર છતાં નીતિવાળો છે. મુનિએ જવાબ દીધો “ પાછલા જન્મમાં હું એક રાજા હતો અને આ મારો મિત્ર તે વખતે મારો કોન્શીલર હતો. અને તેનું નામ મતીસાગર હતું. પણ ખરાબ કર્મોમાં રોકાયાથી તે મરી ગયો અને કેટલાક જન્મારા પછી તે એક અપ્રમાણિક ગાંધી સાગરદત્ત નામથી પદ્મીનખંડા શહેરમાં થયો. અને જૈન ધર્મના એક શ્રાવક સાથે તેણે દોસ્તદારી કરી. એક જૈન શિક્ષાગુરૂથી તેમને જણાયું કે ત્રાટી, સોજી, કે જવાહીરથી અરીહંતનું દેવળ બનાવવામાં આવે તો લાભકારી છે. મતલબકે આવું દહેરૂં બાંધનારની બીજી જીંદગીમાં ખરાબ કર્મો થયેલાં હોય તે નાશ પામે છે. આ પ્રમાણે હોવાથી સાગરદતે શહેરની બહાર એક સરસ જૈન મંદિર બાંધ્યું અને તેમાં જૈન પ્રતિમાજી મુકયાં તેમ તેની પૂર્વ બાજુએ એક શિવ મંદિર મોટું કીધું અને એક ઉનાળાના દીવસે તે શીવમંદિરમાં ગયો. કે જ્યાં દર્શન કરવા આવેલાઓ ઘીના વાસણમાંથી કંસારીઓને કાઢી પગ તળે ચગદી નાંખતાં તેણે જોયાં. તેને દીલગીરી થઇ અને પોતાના કપડાવતી તે દેવળમાં સાફ કરવા લાગ્યો મુખ્ય પૂજારીએ પોતાનું કામ ચાલુ રાખી તેને કહ્યું કે તમે આ સફેદ કીડીયોથી છેતરાઓ છો કારણ કે આવા સાધનથી તમે તેને બચાવવા માગો છો. સાગરદત્તે પોતે વિચાર કર્યો કે આ પૂજારી પણ મુર્ખ માણસો પોતે અને પોતાના માલીકનો નાશ કરશે. તે મરી ગયો અને આ તે તમારો ઘોડો થયો છે. પણ તે પોતાની આગલા જન્મારામાં જૈન દેવાલય બંધાવી જે સત્કર્મ કર્યું છે. તેથી હું તેને બચાવવા આવ્યો છું ( ૩૧૬ ) આ હેવાલ સાંભળીને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘોડાને પ્રથમની જીંદગી યાદ આવી અને સાત દિવસ અપવાસ કર્યા અને મરી ગયો. અને ત્યાં સ્વર્ગમાં દેવતા થયો અને તેનું નામ સહસ્રાર સ્વર્ગ હતું. પણ સમાધિ કરવાથી તેને ( તે દેવતાને ) પોતાની પહેલાંની જીંદગી યાદ આવી અને દુનીયામાં આવી તેણે મુનિસુવ્રતની એક પ્રતિમા કમ્પાનગરીના સોનાના દેવળમાં મુકી અને ભ્રગુકચ્છમાં ઘોડાની પ્રતિમા મુકી અને આ પ્રમાણે તેણે મુનિસુવ્રત અને તેમના શિષ્યોની ઇચ્છાઓ પુરી કરી; તે વખતથી ભ્રગુકચ્છ અશ્વાવબોધક નામથી એક પવિત્ર સ્થળ તરીકે પ્રખ્યાત થયું અને તેવીજ રીતે શ્રી મુનિસુવ્રત અરીહંતે સ્પર્શ કર્યાથી નર્મદા નદી પવિત્ર થઇ. રંકને રાય બનાવનાર થઇ ઉપર આપેલું વૃતાંત તીર્થકલ્પમાં આપેલા વૃતાંતની સાથે બરોબર મળતું છે. તેમાં માત્ર એક જરૂરનો તફાવત છે. તેથી તે ધ્યાનમાં લેવા જેવો છે. આ ઠેકાણે એમ કહેવામાં આવ્યું છે કે તેઓ કંપાનગરના સોનાના દેવળમાં મુનિસુવ્રતની પ્રતિમા મુકો પણ અશ્વાવબોધના વૃતાંત કે જે તીર્થ કલ્પમાં આવેલું છે તેના છેવટના ભાગમાં સ્પષ્ટ જણાવે છે કે ભ્રગુકચ્છમાં મુનિસુવ્રતનું દહેરૂં તેમના પોતાના સમોસરણની જગ્યા ઉપરજ બાંધવામાં આવ્યું હતું અને આ દેવળમાં મૂળ પ્રતિમાજી મુકવામાં આવ્યા હતા. અને ઘોડા તરીકે ના પોતાના જન્મની યાદગીરી માટે એક પુતળું મુકયું હતું. તે વખતથી ભ્રગુ કચ્છ અશ્વાવબોધ તીર્થ નામથી ઓળખાયું પણ આગળ ચાલતા કલ્પમાં જણાવ્યું છે કે તે જગ્યા શકુની વિહાર નામથી પ્રસિદ્ધ થઇ. તેમાં આવેલો હેવાલ પ્રાકૃત ભાષામાં અહીંઆ ઉતારવામાં આવ્યો છે.

છેવટના વિભાગ સિવાયનો ઉપરનો હેવાલ તદન સ્પષ્ટ અને સમજી શકાય એવો છે. અને તેના વધારે સ્પષ્ટીકરણની જરૂર નથી. અંબડે શકુનીકાવિહાર તીર્થ ફરીથી બાંધ્યું, એ હકીકત વધારે સમજાવવાની જરૂર છે. કુમારપાળના ચૌલુકય રાજ્યના દિવાનના અંબડ ( આમ્રભટ ) અને બહાડ ( વાગ્ભટ ) એ બે ઉદા ( ઉદયન ) ના દિકરા હતા. સૌરાષ્ટ્ર દેશના રાજાની સાથેની લડાઇમાં જ્યારે ઉદયન મરણતોલ ઘાયલ થયો ત્યારે તેણે પોતાના દિકરાઓને ઇચ્છા જાહેર કરી કે—તમારે મારાવતી ભરૂચનું શકુનીકા વિહાર અને શત્રુંજયનું આદીશ્વર મહારાજનું ચૈત્યનો જીર્ણોદ્ધાર કરવો. કુમારપાલ પ્રબંધમાં મેરૂતુંગે આ જીર્ણોદ્ધારનો હેવાલ સવિસ્તર આપ્યો છે અને શકુનીકા વિહારના સંબંધમાં આપણે જાણીએ છીએ કે કુમારપાળ, હેમાચાર્ય, અને અણહીલપુરનો જૈન સમુદાય શ્રી મુનિસુવ્રતના ચૈત્યને ધજા ચઢાવવાની ક્રિયામાં સામેલ હતા અને રાજાના હુકમથી આરતી પણ ઉતારવામાં આવી હતી અને પછી ધર્મક્રિયાના છેવટે જ્યારે હેમાચાર્યને આમ્રભટ પ્રણામ કરવા આવ્યા ત્યારે હેમાચાર્યજીએ આમ્રભટને ખુશીથી ચૈત્યના શિખરે નાચતા જોયા તેજ પ્રસંગે સૈંધવી દેવીએ કાંઇક ઉપદ્રવ કર્યો. આ બનાવ શાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન્યો છે એવું હેમાચાર્યજીએ જાણીને ભરૂચને પાદરે યશ્ચચંદ્રગણીને સાથે લઇને ગયા, તે ઠેકાણે દેવી હતા અને તેમના આગળ ખાંડણી મુકેલી હતી તેમાં ચોખા નાખ્યા. યશ્ચચંદ્રે સાંબેલાવતી ખાંડયા. પહેલા જ ઘા વડે કરીને દેવલ હાલ્યું અને બીજાએ કરીને તે દેવીની મુર્તિ હેમાચાર્યને પગે પડી. ક્ષમા માગી. પ્રબન્ધચિન્તામણીના કર્તા આ પ્રમાણે જણાવે છે કે આ પવિત્રદેવી દેવલાંથી થતો ઉપદ્રવ બંધ કરી અને પોતાની નિર્દોષ ક્રિયાનો પ્રભાવ અજમાવી શ્રીમુનિસુવ્રતના દેવલ તરફ આવ્યા.

કુંભારીઆના શ્રી નેમીનાથજીના ચૈત્યમાં કોતરકામ નીચેના લેખ બાબત વિચાર કરીએ. આપણે જોયું છે કે ત્રણ જુદી જુદી બાબતના સંબંધમાં છે. ૧ શ્રી મુનીસુવ્રતસ્વામીની પ્રતિમા, ૨ અશ્વાવબોધ તીર્થ ૩ શકુનીક વિહારતીર્થ અને છેવટના બેના ઉદ્ધાર સંબંધમાં હકીકત આપે છે. તીર્થ કલ્પમાં આપેલી હકીકત ઉપરથી પુરેપુરૂં આપણે સમજ્યા છીએ કે આ તીર્થોના ઉદ્ધાર કોણે કર્યા. હવે કોતરકળાની સવિસ્તર હકીકત જાણવાની રહે છે. ચિત્રો તરફ લક્ષ કરીએ તો એમ જણાશે કે નંબર ૧ નું ચિત્ર અસલ છેજ અને નંબર ૨ જો અસલ ઉપરથી નકલ લીધેલ છે. આબુ ઉપરના તેજપાળના ચૈત્યમાંના કોતરકામનું બીજા નંબરનું જે ચિત્ર છે તે શ્રીમુનિસુવ્રતને ઉદ્દેશીને બહારના ગભારાના ઘુમટનું છે અને તે ઘુમટ ઘણો નાનો છે. તેથી તેનો ફોટોગ્રાફ લેવા જેવો નથી.

તેથી તેનું આલેખન કરી લેવું પડયું. એમ જણાશે કે બીજા ચિત્રમાંનું કોતરકામ પુરૂં અને સંપૂર્ણ છે. પણ નંબર પહેલાનું ચિત્ર અસલનું અડધો નીચલો ભાગ છે. એટલા માટે વિશેષ વિગત સારૂ આપણે બીજા ચિત્ર ઉપર આધાર રાખવો પડે છે. આ ચિત્રના ઉપરના અડધા ભાગના મધ્યમાં તીર્થંકરનું ચૈત્ય છે. તેથી એમ સ્પષ્ટ થાય છે કે—તે શ્રી મુનિ સુવ્રતસ્વામીનું હોવું જોઇએ. આ ચૈત્ય લેખમાં આવેલું છે. અને મૂળ અસલ અશ્વએ બાંધેલું કહેવામાં આવે છે અને પછીથી સુદર્શનાએ ફરીથી સુધારેલ અને એમ વિશેષ જીર્ણોદ્ધાર કરેલો તેજ છે. તે અશ્વ અને તેની પાસે ઉભેલો મનુષ્ય જેના હાથમાં તે અશ્વ પકડી રાખેલો છે, જે ચિત્ર બરોબર ડાબી બાજુએ કોતરેલું છે તે જ અશ્વમેધમાંનો ઘોડો જે મુનિ સુવ્રતસ્વામીએ બચાવેલો અને જે જીતશત્રુની પાસે હતો અને જે જીતશત્રુ ભરૂચનો માલીક અને જેની પાસેથી તે ઘોડો છોડાવેલો હતો—ચૈત્યની બરોબર જમણી બાજુએ એક શિલાતકતીમાં એક લડવૈયો પોતાના જમણા હાથમાં એક તરવાર સાથે અને પોતાના ખોળામાં એક બાળક સાથે બેઠેલો છે.

તે ચિત્ર સિલોનના રાજા ચંદ્રગુપ્ત પોતાની સુદર્શના નામની દીકરીને ખોળામાં રાખી બેઠેલાનું નિઃસંશય છે. તે દિકરી જ્યારે ભરૂચનો ધનેશ્વર નામનો વેપારી મળવા આવ્યો હતો તે પ્રસંગનું છે.

તેની સાથેની શિલાતકતીમાં ધનેશ્વર અને તેની પાછળ પોતાનો એક નોકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા ભેટ લઈને આવેલો તે પાછળ ઉભેલાનું ચિત્ર છે. જમણી બાજુના નીચેના અર્દ્ધ ભાગ કોતરકામનો ઘણોખરો ભાગ નદીનો છે. જુદી જુદી જાતની માછલીઓ મગર, કાચબા વગેરે જાતના જળચર પ્રાણીઓ તેમજ નદીનો પ્રવાહનો રસ્તો એ વગેરે ઉપરથી નિઃસંશય ખાતરી થાય છે કે તે નદીનો ભાગ છે. આ નર્મદા નદી હોવી જોઇએ. અને તેના કોઇક ભાગપર ભરૂચ પહોંચતાં પહેલા સુદર્શનાએ વહાણમાં મુસાફરી કરી હોવી જોઇએ. નદીમાં નિઃસંશય રીતે સુદર્શનાના કાફલા બે વહાણનું ચિત્ર આપેલું છે. આ પૈકીના મોટા વહાણમાં–જે સ્રીની પાછળ એક છત્ર ધરેલું છે, તે સુદર્શનાની હોવી જોઇએ.

તે કોતરકામનો બાકીનો ભાગ શકુનીકામાં સુદર્શનાનો જન્મ બતાવે છે. ઝાડ ઉપરનું પક્ષી સમડી છે. અને તે ઝાડ વડનું છે. અને તે કોરટક વનમાં આવેલું છે. અને શિકારીનો દેખાવ આપેલો છે. તે શિકારી તેના તરફ તીર ફેંકનારો માણસ છે. તે સમડી શિકારીના ઘરમાંથી માંસનો કડકો છાનીમાની લઇને ઉડી ગઇ હતી. અને જો કે બીજા ચિત્રમાં કંઇ નથી તો પણ પહેલા ચિત્રમાં તે માંસનો કડકો ખાતી હોય એવો ચોકસ દેખાવ છે.

નીચે એક બીજી સમડી છે. જેથી એમ સમજાય છે કે તે તીર વાગવાથી–નીચે પડેલી સમડી હોવી જોઇએ. તેની પાસે જૈન સાધુઓ છે. એના હાથમાં તરપણી અને બન્નેની પાસે રજોહરણ છે. આ પૈકી એક નિઃસંશય સાધુ છે કે જેમણે તેના ઉપર પાણી છાટયું અને તેને પંચનમસ્કાર સંભળાવ્યા જેના પ્રભાવે કરીને તે સિલોનના રાજાની દીકરી થઈ–બીજા ચિત્રમાં નીચેના બંને ખુણામાં–એક તરફ એક સ્રી અને એક તરફ એક પુરૂષ ઉભેલા છે. તે પુરૂષ દાઢીવાળો છે, અને બન્ને જણે હાથ જોડેલા છે. શકુનીકા તરીકે જો સુદર્શનાનો જન્મ વૃત્તાંત આ દેખાવ ઉપરથી થતો નથી.

પહેલા નંબરના ચિત્રમાં તેઓના સ્થળ ઉલટ સુલટ છે. અને તેથી એમ સ્પષ્ટ થાય છે કે તે આપેલા દેખાવથી જુદું છે. તે શિલાતકતીમાં જુદા જુદા કોતરેલા છે. તેજ મનુષ્ય અને સ્રી તે મુનિ સુવ્રતના ચૈત્યની નજીક ઉભેલા સ્પષ્ટ કોતરેલાં છે. તે કોણ છે તે ચોકસપણે કહી શકાય નહિ, પણ હું ધારૂં છું કે તે અંબડ અને તેની સ્રી છે. ચૈત્યો બંધાવનાર મનુષ્યો પોતાના પુતળા બેસાડે છે તે વહીવટ એવો સાધારણ છે કે તેના પુરાવાની જરૂર નથી અને તે લેખ અશ્વાવબોધ અને શકુનીકા સંબધમાં છે. અને તે અંબડ જમાનાની પછીનો છે તેથી જ્યારે તેમણે તે દેહરાના જીર્ણોદ્ધાર કરાવેલો તેવખતે તેણે પોતાના અને પોતાની સ્રીના પુતળા બેસાડેલા હોવા જોઇએ.*

---

* ( હિંદી સરકારના શોધખોળ ખાતા ઉપરી ડૉ૦ ભાંડારકરની નોંધ ઉપરથી અને બીજે સ્થળેથી સંગ્રહ કરેલ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सोऽहं

卐

## આત્માનું કિંચિત્ દિગ્દર્શન.

| | |
|---|---|
| સત્તાથી સિદ્ધના સમો, | અરૂપી હું નિરાકાર; |
| વ્યક્તિથી ભિન્નતા ખરે, | કર્મમેલ જતાં નિરંજન. |
| કર્મના ભેદ ત્યાગતાં, | નથી જન્મ જેહનો; |
| ભવ્ય એ **सोऽहं**, | આત્મા એ હું અજ. |
| રાગ તે હું નહિ, | કિંચિત્ નાશ નથી આત્માનો; |
| ક્રોધ નથી આત્મજ, | એવો અવિનાશી હું; |
| મમત્વતા આત્મની નહિ, | નથી સ્વભાવ આત્મનો; |
| નથી હું જડ રૂપમાં, | લેપાવા રાગદ્વેષમાં; |
| મિથ્યાત્વમોહી હું નહિ, | એવો નિર્લેપ હું; |
| પંચ શરીરી નહિ, | અનંત ગુણો આત્મના; |
| પુદ્ગલિક રાગ વાણીમાં, | ભિન્ન આત્માથી નહિ; |
| હું નથી, | એવો અભિન્ન હું; |
| હું છું **सोऽहं**— | લય થતાં કર્મનો; |
| આત્મા શુદ્ધ સ્વભાવમય, | ભોક્તા અનંત સુખનો; |
| જ્ઞાન દર્શન ચારિત્રધારી, | બાહ્યને આંતરિક ગ્રન્થિથી; |
| અકથ્ય રૂપમાં— | ભિન્નરૂપી થતાં; |
| હું છું, | નિર્ગ્રંથ હું, |
| દ્રવ્યાર્થિક અપેક્ષાએ નિત્ય, | કર્મને કાઢતાં; |
| પર્યાયાર્થિક અપેક્ષાએ અનિત્ય, | સમર્થ શક્તિવંત હું; |
| એવો ગહન હું, | ગતિચાર અષ્ટકર્મને; |
| અસંખ્ય પ્રદેશ આત્માના, | મનનો ધર્મ લોપવા; |
| અનંતા ગુણ પ્રત્યેકમાં, | શક્તિવંત હું; |
| ઉત્પાદ વ્યય ક્રમ એમનો, | શુદ્ધ સમતામય— |

પરમપુરૂષાર્થમય–સચ્ચિદાનંદમય–**सोऽहं**

**કાન્તિલાલ જેઠાલાલ શાહ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# महावीर मोक्षविलाप

( अनुष्टुप )

हा (!) देव ! किं कृतं स्वामिन् ! अस्माकं चित्तचन्द्रमः ।
जाता निर्नायकाः सर्वे कलौ हालाहलोपमे ॥

( २ )

अहो (!) स्वर्भू–र्भुवोलोक-त्राता यातोऽधुना शिवम् ।
त्रैलोक्य भावतीव्रांशुर्भास्वरो भगवान् गतः ॥

( ३ )

नन्दिवर्धन भूपाद्या गौतमादि महर्षयः ।
वीरा धीरा भवन्तोऽपि विलपन्ति सुराधिपाः ॥

( ४ )

( उपजाति )

क्व वीर ! यातो बहु कष्ट काले ।
धन्वन्तरिस्त्वं बहु रोगयुक्तान्
मुक्त्वा, दयालो ! यदि नः समं हि
तिष्ठेस्तदा का क्षतिराऽऽस्पृशेस्त्वाम् ?

( ५ )

अस्तोऽद्य लोके जगतीप्रदीपो
जातश्च तेनैव महान्धकारः ।

१ त्रिलोकस्थ पदार्थ प्रकाशने–( ज्ञाने ) सूर्यः । २ दीप्तः
३ स्वच्छन्द चारिणः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सर्वे च भूताः स्वमनोऽनुकूला
न धर्मतत्त्वं प्रविदन्ति मूढाः ॥

( ६ )

केचित्तु धर्मे प्रलपन्ति कामे
केचिच्च हिंसाकरणे वदन्ति
केचिद्विवादे कपटे च केचि-
दित्थं लपन्तो विवदन्ति पापाः ॥

( ७ )

इर्ष्यादिदोषैश्च परस्परं ही ( ! )
दुराशयाः श्वान इव स्वजात्या
भक्तायमाना जिन ! शासनं ते
प्रनिन्दयिष्यन्ति हहा ( ! ) किमु स्यात् ?

( ८ )

एवं प्रदीप्तो दवपावकोऽत्राऽऽ
लभ्यामहे कं जलरूपमीश ! ?
ब्रवीतु वीर ! प्रहताऽखिलाघ ! ।
किं त्वत्समोऽत्रचमकोऽस्तिकोऽपि ?

---

१ अत्रार्थतः प्रलपिष्यन्तीति भविष्यत्कालोवेद्यः ' वर्तमान-सामीप्ये भूते भविष्यति च वर्तमानवद्वेति व्याकरण नियमात् ।

२ एवमन्यत्राऽपि भक्ता इवाचरन्तीति भक्तायमानाः, वस्तु-तस्तु न भक्ता इत्यर्थः ।

३ शाशननिन्दायोग्यं व्यर्थक्लेशादि कार्यं कृत्वान्यैर्द्वारा निन्दायोग्यं करिष्यन्तीतिभावः । ४ दवाग्निः । ५ शान्तिकर्ता ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ९ )

सूर्यश्रिये वीरविभौ प्रयाते
लोकादमुष्मात्तु शिवं, कलौ हा ( ! )
पापान्धकारः प्रसरीसरीति
भव्याब्जवृन्दा मलिनीभवन्ति ॥

( १० )

मोहादि चौराश्च यदृच्छयैवसत्तत्त्व.
लक्ष्मीं भविनां हरन्ते
पाखण्डिघूका प्रबलं सुलभ्य
सम्यक्त्वहंसं बहु दुःखयन्ति ॥

( ११ )

—द्वाभ्यांयुग्मम्

( अनुष्टुप् )

श्रयामहेऽद्यकंनाथं कश्चाऽघं ब्रूमहे स्वकम्
कश्च नत्वा स्वमौलिं च पवित्रीकूर्महे विभो !

( १२ )

भावोद्द्योते प्रभौ याते हस्तिपालादिकैर्नृपैः
द्रव्योद्द्योतः कृतो दीपैस्ततो दीपालिकोद्गता

मुनिहिमांशुविजयोऽनेकान्ती शिवपुरी

---

१ सूर्यतुल्ये । २ पापमेवान्धकारः । ३ भव्या एव कमलसमूहाः । ४ मकोर्च—अवनतिं प्राप्नुवन्ति । ५ मिथ्योपदेशेनान्येमतान्तरीयाः सद्धर्मदूषयन्तीभावः । ६ अपराधं दुखं वा । ७ सत्य प्रकाशे ( वीरप्रभौ ) । ८ तेजः कायजन्यआलोकः । ९ तद्दिनादारभ्य । १० उद्भूता पर्वत्वेनारब्धेति भावः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કાર્ય અને આશા.

વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

( ગતાંક પૃષ્ટ ૭૬ થી શરૂ )

ઘણું ખરૂં એવું જોવામાં આવે છે કે ઘણા મનુષ્યો બાહ્ય પ્રભાવને લઇને પોતાની નિશ્ચયાત્મક પ્રકૃતિને નિષેધાર્થક પ્રકૃતિમાં બદલી નાંખે છે. તેઓ પોતાનો આત્મવિશ્વાસ ખોઇ બેસે છે. તેઓનો સ્વશક્તિમાં વિશ્વાસ ચાલ્યો જાય છે, કેમકે તેઓ લોકોના નિરાશાજનક વચનોથી પ્રભાવિત બની જાય છે અને લોકો પાસેથી હમેશાં અપૂર્ણતાના વિચાર સાંભળ્યા કરે છે. લોકો તો તેઓને કહ્યા કરે છે કે તમને તમારા વ્યવસાયનું જ્ઞાન નથી. તમે જે વ્યવસાય કરી રહ્યા છો તેને માટે તમે લાયક નથી. આને લઇને તેઓની પ્રાથમિક શક્તિ હણાઇ જાય છે અને ફરી તેઓ કોઇપણ કાર્ય પહેલાં જેટલા ઉત્સાહથી કરતા નથી. તેઓ પોતાની નિર્ણય શક્તિ ગુમાવે છે તેથી કોઇપણ મહત્વનાં કાર્યનો નિર્ણય કરતાં ડરે છે. તેઓનું મન ઠેકાણે નથી રહેતું. એ રીતે નેતા થવાને બદલે તેઓ અનુયાયી બની જાય છે.

આપણા આત્મામાં એક મહાન અલૈકિક શક્તિ રહેલી છે, જેનું વિવેચન આપણે નથી કરી શકતા, પરંતુ જેનું ભાન આપણને હોય છે. ઉક્ત શક્તિ આપણી આજ્ઞાઓનું પાલન કરે છે અને આપણા નિશ્ચયને પરિપુષ્ટ કરે છે.

ઘડીભર માની લ્યો કે આપણે એવા વિચાર કરીએ–માની બેસીએ કે "આપણે કાંઇ નથી, તુચ્છ છીએ, ક્ષુદ્ર છીએ, નિર્બળ કીડા સમાન છીએ, આપણે બીજા જેટલા સારા નથી." તો તે સર્વ બાબતો આપણા આત્માની નોંધપોથીમાં લખાઇ જશે અને તેનું પરિણામ એ આવશે કે આપણે ખરેખર એવાજ બની જશું. જો આપણે તંગીના, નિર્બળતાના, આરોગ્યતાના, અકર્મણ્યતાના વિચારો જ પ્રકટ કરતા રહેશું તો તેનું પ્રતિબિંબ આપણા આત્મામાંજ પડશે, જે ઘણુંજ ખરાબ છે.

એથી ઉલટું જો આપણે નિશ્ચયપૂર્વક એમ માનીએ કે વિશ્વની તમામ સારી વસ્તુઓના આપણે અધિકારી છીએ, તેઓના ઉપર આપણો સ્વાભાવિક હક્ક છે અને જો આપણને આપણા ઐશ્વર્ય ઉપર દ્રઢ વિશ્વાસ હોય, જો આપણે દ્રઢતાથી એટલી શ્રદ્ધા રાખીએ કે આપણે આપણા જીવનનો ઉદ્દેશ સારી રીતે સિદ્ધ કરી રહ્યા છીએ, જો આપણો એવોજ નિશ્ચય હોય કે શક્તિ અમારી છે, સ્વાસ્થ્ય અમારૂં છે, આધિ, વ્યાધિ, નિર્બલતા તથા વિરોધ સાથે અમારે કશી લેવા દેવા નથી તો આપણાં મનમાં એક એવી ઉત્પાદક અને નિશ્ચયાત્મક શક્તિ રહેલી છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જે આપણા બધા અભિલાષોને, મનોરથોને તથા ઉંચા જીવનોદ્દેશને જરૂર પુરેપુરા સફલ કરશે અને પતિત દશામાંથી આપણો ઉદ્ધાર કરશે.

વિચાર બે પ્રકારના હોય છે. એક જાતના વિચારો આપણાં શરીરને, મનને તથા આત્માને પરિપુષ્ટ અને પૂર્ણ કરે છે, તેનામાં દિવ્યતા લાવે છે અને આનન્દ, ઉત્સાહ, તેજની વૃદ્ધિ કરે છે. બીજા પ્રકારના વિચારો આપણા શરીરને, મનને, આત્માને નીચે પાડે છે, તેને નિર્બલ બનાવે છે, અને દુ:ખ, દરિદ્રતા, આધિ વ્યાધિના દુર્ભાવથી તેને મલીન કરે છે. પહેલા પ્રકારના વિચારો આપણા રક્ષક છે અને બીજા પ્રકારના વિચારો આપણા ભક્ષક છે.

આપણી વિચારશક્તિમાં કેટલું બળ છે, કેટલો દ્રઢાગ્રહ છે એ ઉપરથી આપણે આપણી કાર્યસંપાદિકા શક્તિનું પરિમાણ જાણી શકીએ છીએ. અનેક મનુષ્યોની વિચારશક્તિ એટલી બધી નબળી હોય છે કે તેઓ પોતાનાં મનને જરૂરી બળથી સુસંગઠિત નથી કરી શકતા, તેને લઇને તેઓ સંસારમાં વધારે કાર્ય નથી કરી શકતા.

આપણે કોઇ મનુષ્યને મળતાં વેંતજ કહી શકીયે કે તેની વિચારશક્તિ પ્રબળ છે કે નિર્બળ; કેમકે તેના મુખમાંથી નિકળતા પ્રત્યેક શબ્દથી એનો ખ્યાલ આવી જાય છે.

ઘણાયે મનુષ્યોની વિચારશકિત એવી પ્રબળ હોય છે કે તેઓ બીજાની ઉપર પોતાનો પ્રભાવ તત્કાળ પાડે છે. તેઓને જોતાં જ લોકોમાં નવીન જીવનનો સંચાર થવા લાગે છે. એવા લોકોને માટે દુનિયા આપોઆપ રસ્તો કરી દે છે. સંસારમાં તેઓ શક્તિનો પ્રકાશ ફેલાવે છે. તેઓ સંસારને સંચાલિત કરે છે. તેઓના શબ્દ માત્રથી સંસારના મોટાં મોટાં કાર્યો થઇ જાય છે. કેમકે લોકોમાં એક સ્વાભાવિક ગુણ રહેલો છે કે તેઓ ઉચ્ચ આત્માની આજ્ઞા પાળવામાં પોતાનાં અહો-ભાગ્ય સમજે છે.

જ્યારે આપણે કોઇ સાચેસાચા મહાત્માને મળીયે છીયે ત્યારે તેની સાથે આપણે પરિચય ન હોય તોપણ તેમનાં દર્શન માત્રથી આપણને એવું ભાન થાય છે કે તેઓ આપણાં શરીરમાં એક જાતની અલૌકિક ભાવનાનો-દિવ્ય જીવનનો સંચાર કરી રહ્યા છે. તે વખતે આપણાં હૃદય ઉપર એક પ્રકારનો અદ્ભુત પ્રભાવ પડવા લાગે છે. તેના સંબંધમાં આપણને તરતજ ભાન થવા લાગે છે કે તેનામાં નેતા બનવાની શકિત મોજુદ છે—તેમનામાં એ શકિત વિદ્યમાન છે કે જે સૃષ્ટિને સંચાલિત કરી શકે છે. એવા પુરૂષને માટે આપણને એવી શ્રદ્ધા બેસે છે કે તેમના કાર્યની સફલતામાં કોઇ અડચણ ઉપસ્થિત નથી કરી શકતું. એથી ઉલ્ટું, આપણે કોઇ સાંકડા હૃદયના મનુષ્યને મળીયે છીયે ત્યારે તેનાં હૃદયનો આપણી ઉપર નિર્બળ અને નિષેધાત્મક પ્રભાવ પડે છે. એને જોતાંવેત જ આપણને પ્રતીતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે કે તેનું અધઃપતન થઈ ગયું—તે પોતાનાં માર્ગ ઉપર પ્રકાશ નથી પાડી શકતો. જો તમે એમ ઈચ્છતા હો કે લોકોને તમારી શક્તિનો પરિચય થાય તો તમારે તમારી શક્તિઓનો વિકાસ કરવાની જરૂર છે.

સઘળી વિદ્યાઓમાં એ શિરોમણી વિદ્યા છે કે આપણે આપણાં જીવનને સ્થાયી સફલતા અને વિજયથી વિભૂષિત કરવું જોઇયે અને આપણું જીવન સારી રીતે સંસ્કારી થયેલું હશે તો એ કાર્ય જરાપણ કઠિન નથી.

જો કોઇ યુનિવર્સિટીના પદવી ધારી યુવક ઉક્ત વિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કર્યા વગર સંસારમાં પ્રવેશ કરે તો ચોક્કસ સમજવું કે તેનો નાશ—તેની અસફલતા બહુ દૂર નથી. તેના સંશય, ભય, આત્મવિશ્વાસની ન્યૂનતા, નિષેધાત્મક પ્રકૃતિ તેનાં મનને નિષેધાત્મક બનાવીને તેની નિશ્ચયાત્મક, ઉત્પાદક અને સ્વાભાવિક શક્તિનો સંપૂર્ણ નાશ કરી મૂકશે અને તેને ઘણી જ ખરાબ સ્થિતિમાં મૂકી દેશે.

આખી દુનિયાના તમામ દર્શનશાસ્ત્રો અને ભાષાઓ જાણવા કરતાં એ જાણવું વિશેષ લાભકારક છે કે આપણે આપણા મનને નિશ્ચયાત્મક રાખીને તેને કેવી રીતે સર્વોત્તમ ઉત્પાદક શક્તિપર સ્થિત કરવું.

ઘણે ભાગે આપણે જોઇએ છીએ કે અનેક માણસો પોતાની માનસિક પ્રકૃતિને નિષેધાત્મક રાખવાને કારણે નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. આપણે સમજીએ છીએ કે આપણી માનસિક શક્તિઓને તથા આપણી નિર્બળ પ્રકૃતિને વૈજ્ઞાનિક રીતિથી સુસંગઠિત કરવી એ વધારે શ્રેયસ્કર છે, કેમકે એમ કરવાથી જ આપણને આપણાં કાર્યમાં વધારે સફળતા મળે છે અને આપણા ભાવી સંસારને સફલતામય અને સુખમય બનાવી શકીયે છીએ.

નિશ્ચયાત્મક વિચારથી નિર્માણ શક્તિનો વિકાસ થાય છે, જે બીજી બધી માનસિક શક્તિઓ કરતાં વિશેષ મહત્વપૂર્ણ છે. જો તમારૂં મન નિષેધાત્મક પ્રકૃતિ તરફ ઝુકી રહ્યું હોય, જો તમારામાં કોઇપણ કાર્યનો આરંભ કરવાની શક્તિનો અભાવ હોય અને છતાં તમે ઇચ્છતા હો કે તમારામાં નિર્માણ–નિર્મિત શક્તિનો વિકાસ થાય તો તેનો સારો ઉપાય એજ છે કે તમારે તમારા મનને ઉપરોક્ત દુષ્કૃતિથી પાછી હઠાવીને દરેક વસ્તુની તરફ નિશ્ચયાત્મક દૃષ્ટિથી જ જોવું—તમારા મનને ઉત્પાદક શક્તિ તરફ ઝુકાવવું. એ કાર્ય તો જ્યારે તમે બાહ્ય કાર્યથી નિવૃત્ત બનીને આરામ લેતા હો ત્યારે પણ થઇ શકે છે. નિષેધાત્મક વિચારો હમેશાં નિર્બલતા ઉત્પન્ન કરનાર છે. ખરેખર એ ઘણી જ સારી વાત છે કે આપણે આપણાં મનને કેટલીક વખત બાહ્ય પ્રપંચોથી નિવૃત્ત રાખ્યા કરવું. વખતોવખત આરામ આપવો. નિષેધાત્મક મન અને નિવૃત્ત મનમાં ઘણો જ તફાવત છે. નિષેધાત્મક મન દોષથી ભરેલું છે, નિવૃત મન નિર્દોષ છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકીર્ણ-બોધ.

( લે૦ સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ )

**તજવા યોગ્ય નાશકારક પાંચ દૂષણો**—૧ જ્ઞાનનો ગર્વ, ૨ બુદ્ધિની મંદતા ( જડતા ), ૩ ક્રૂર-કઠોર વચન, ૪ રૂદ્રભાવ ( રૌદ્ર-નિર્દય સ્વભાવ ), અને ૫ આળસ-પ્રમાદ એ પાંચ નાશકારક દૂષણો આત્માની ઉન્નતિ ( ઉદય ) ઈચ્છનારાએ અવશ્ય તજવાં જોઇએ. અર્થાત ઉદયાર્થી જીવોએ ૧ જ્ઞાનનો ગર્વ કરવો નહીં. ૨ મંદબુદ્ધિ રાખવી નહીં. ૩ કઠોર કટુ વચન બોલવા નહીં. ૪ બીજાનું અનિષ્ટ ઇચ્છવા-ચિન્તવવા અને બની શકે તો કરવારૂપ રૌદ્ર પરિણામ સેવવા-આદરવા નહીં. અને ૫ આળસ-પ્રમાદ અંગે ધારવાથી દૂર રહેવું. **ઇતિ.**

**સુશ્રાવકતા**—આ લોક કે પરલોક સંબંધી ફળની આશંસા રહિતપણે, ઉદાર ભાવયુક્ત, હર્ષ-પ્રકર્ષવશ રોમાંચિત સતો સુશ્રાવક વીતરાગ પ્રભુની દ્રવ્ય-ભાવથી પૂજા-ભક્તિ કરે તેમજ સાધર્મીજનોનું વાત્સલ્ય સાચવે.

**દશ પ્રકારનાં પુન્યક્ષેત્રો**—૧ જિનમંદિર, ૨ જિનબિંબ, ૩ જિનઆગમ, ૪-૭ ચતુર્વિધ સંઘ, ૮ દીન-દુઃખીજનોને યોગ્ય આશ્રય દાન, ૮ જ્ઞાન-દર્શન-ચારિત્રને પુષ્ટિકારી પોષધશાળા, અને ઉક્ત સર્વક્ષેત્રોને સહાયક થાય એવું સાધારણ દ્રવ્ય.

**વર્જવા યોગ્ય નવ નિયાણા**—અન્ય ભવમાં ૧ રાજા, ૨ ધનવાન, ૩ સ્ત્રી ૪ પુરૂષ, ૫ દેવ, ૬-૭ અલ્પ વિષયવાસનાવાળા અને વગર વિકારવાળા દેવ, ૮ શ્રાવક અને નિર્ધન થવા, પોતે કરેલી ધર્મકરણીના ફળરૂપે માંગી લેવા એ નવે નિયાણાં સુજ્ઞજનોને કરવા યોગ્ય નથી. એવા ફળની ઇચ્છા પણ વર્જવી.

**સાધુજનોને આચરવાની સાત માંડલી**—૧ સૂત્ર-ગ્રહણ, ૨ અર્થ-ગ્રહણ, ૩ ભોજન-ગ્રહણ, ૪ કાળ-પ્રતિલેખન, ૫ આવશ્યક-પ્રતિક્રમણ ૬ સ્વાધ્યાય અને સંથારા પોરસી ( શયન ) સંબંધી એમ સાત માંડલી કહી છે. ઉક્ત કરણી પ્રસંગે સહુ સ્થાનવર્તી સાધુ સાધ્વીઓ પ્રેમભાવે સાથે મળીને ઉકત માંડલીની મર્યાદા સાચવી શકે છે. છતી શકિતએ તેનો અનાદર કરવાથી તેની વિરાધના કરી લેખાય છે.

**પૃથ્વીમાં ભૂષણરૂપ પુરૂષો**—૧ શકિતવંત છતાં ક્ષમાશીલ હોય, ૨ શ્રીમંત છતાં ગર્વરહિત હોય અને ૩ વિદ્વાન છતાં ગર્વરહિત-નમ્ર હોય તેમનાથી પૃથ્વી ભૂષિત-અલંકૃત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સજ્જન સ્વભાવ**—૧ પરની નિન્દા કે હાંસી કરતા નથી. ૨ સ્વપ્રશંસા કહો કે આપ વખાણ પોતે કરતા નથી. ૩ અને પ્રસંગ મળતાં પ્રિય અને હિતવચનોજ વદે છે. આવો સજ્જન સ્વભાવ ખાસ અનુમોદન અને અનુકરણ યોગ્ય છે. વળી મેઘનાં જળ, ચંદ્રની ચાંદણી, અને ઉત્તમ વૃક્ષોનાં ફળની જેમ ઉત્તમ–સજ્જનોની સઘળી સમૃદ્ધિ પરોપકાર માટે હોય છે.

**ઉત્તમ મનુષ્ય**—અકાર્ય કરવામાં આળસુ–અનાદરવંત હોય; પરને પીડા ઉપજાવવામાં પાંગળા હોય; પરનિન્દા કરવામાં મૂંગા ને સાંભળવામાં બહેરા હોય; અને પરસ્ત્રી જોવામાં જન્માન્ધ હોય, એવાં આચરણથી ઉત્તમતા આવે–વધે છે.

**પરીક્ષા**—શિષ્યની પરીક્ષા વિનયમાં, સુભટની પરીક્ષા યુદ્ધ–સંગ્રામમાં મિત્રની પરીક્ષા સંકટમાં થવા પામે છે, તેમ દાન–દાતારની પરીક્ષા દુષ્કાળ પ્રસંગે થવા પામે છે.

**દાન પરત્વે**—પાસે ધન છતાં દાન દઇ ન શકે, દાન દે છતાં સાથે વાણીની મીઠાશ ન રાખે, એ અંતરાય અને અવિવેકનું પરિણામ લેખાય. પ્રિયવચન સાથે ઉદારતાથી યથાસ્થાને વિવેકપૂર્વક દાન દેનારા સંસારમાં કોઇ વિરલા નજરે પડે છે.

યથા—કોઇક વૃક્ષને ફળ વાધે પણ શીતળ છાયા ન મળે, કયાંક શીતળ છાયા મળે પણ સુસ્વાદુ ફળ ન બેસે, કયાંક કંઇને કંઇ વાતની ખામી રહેલી હોય, શીતળ જળ, સુસ્વાદુ ફળ અને શીતળ છાયાવાળાં ઘટાદાર વૃક્ષોયુક્ત સરોવર કોઇક જ સ્થળે હોય છે.

**સાત પદાર્થો વૃદ્ધિ**—૧ સતકીર્તિ, ૨ સુકુળ, ૩ સુપુત્ર ૪ વિવેક–કળા, ૫ સુમિત્ર, ૬ સદ્‌ગુણ અને ૭ સુશીલ એ સાતની વૃદ્ધિથી જીવને ધર્મ–વૃદ્ધિ થવા પામે છે.

**હૃદયમાં ધારવા યોગ્ય સાત પદાર્થ**—૧ ઉપગાર, ૨ ગુરૂ–વચન ૩ સ્વજન અથવા સજ્જન, ૪ સુવિદ્યા, ૫ ગ્રહણ કરેલાં વ્રત–નિયમ, ૬ વીતરાગ દેવ, અને ૭ નવકાર મહામંત્ર એ સાત વાનાં કદાપિ વીસરવા નહીં. ( ચાલુ )

# વર્તમાન સમાચાર.

આપણી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીની બેઠક તા. ૭–૧૧–૨૯ ના રોજ શેઠ મકનજી જે. મહેતા બાર–એટ–લો ના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં કોન્ફરન્સનું અધિવેશન માહ માસ લગભગ શ્રી જુન્નેર ગામનું શ્રીસંઘનું આમંત્રણ સ્વીકારી ત્યાં ભરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**૧ ધર્મ પ્રવચન**—ભાગ ૧ લો લેખક આચાર્ય મહારાજ **શ્રી વિજયધર્મસૂરિજી**–આ ગ્રંથમાં જુદા જુદા પંદર લેખો કે જેમાં વૈરાગ્ય, તાત્ત્વિકતા, કર્તવ્ય સૂચના વગેરે જુદી જુદી ભાવનાનું પોષણ છે. તેટલું જ નહિં પરંતુ સમયને અનુસરીને અને બને ત્યાં સુધી સામાજિક દષ્ટિએ તે લેખો લખાયેલા તરી આવે છે, જેથી ધર્મ પ્રવચન એ આ ગ્રંથનું નામ ઉચિત છે આ મહાત્માની અનેક શુભ પ્રવૃત્તિમાંની એક આ ઉપદેશ પ્રવૃત્તિ છે. આ ગ્રંથ પ્રથમ ભાગ હોવાથી હજી બીજા લેખો પણ હોવા જોઇએ એમ જણાય છે, જેથી તેઓશ્રીના સુશિષ્ય મંડળને બીજા વિભાગો સત્વર પ્રકટ થાય તેમ પ્રબંધ કરવા વિનંતિ છે. કિંમત રૂા. ૧–૦–૦

**૨ આબૂ**—પ્રથમ ભાગ—લેખક મુનિરાજશ્રી **જયન્તવિજયજી** મહારાજ. લેખક મુનિરાજશ્રીની આબુ તીર્થ ઉપરની સ્થિરતાએ આ પવિત્ર તીર્થ અને મંદિરોના ઇતિહાસ સંબંધી જન સમાજને માહિતી આપવા, જૈન ઐતિહાસિક સાહિત્યના સહાયરૂપ એક ગાઇડ તરીકે આ ગ્રંથમાં આબૂજી તીર્થનું વર્ણન લખવામાં આવેલ છે. પ્રયત્ન ઉપકારક અને જાણવા લાયક છે. અપૂર્ણ હકીકતો હજી બીજા ભાગોમાં આવે તેમ જણાય છે. આવી રીતે દરેક જૈન તીર્થોના વર્ણનો પુરતી તપાસના અંગે પ્રકટ થાય તે આવકારદાયક છે. કિંમત રૂા. ૧–૦–૦

**૩ પ્રાચીન લેખ સંગ્રહ ભાગ ૧ લો**—સંગ્રાહક શ્રીમાન આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ. આવા ગ્રંથો હંમેશા ભૂતકાળના ઇતિહાસની સાંકળ જોડનાર છે તેટલું જ નહિં પરંતુ ભારતવર્ષના ઇતિહાસનું જ્ઞાન થવા સહાયક પણ થઇ પડે છે. આવા આવા સાધનો જેટલા જેટલા અંશમાં બહાર આવે તેટલા તેટલા અંશમાં ઇતિહાસનો માર્ગ સરલ થતો જાય છે. શિલાલેખોમાંથી આચાર્યોની પરંપરાઓ, જાતિઓ, વંશો, ગચ્છો વગેરે અનેક બાબતો ઉપર અજવાળું પડે છે. આ લેખ સંગ્રહમાં છુટક છુટક ૫૦૦) લેખો બારમા શતકથી તે સોળમા શતકના મધ્યકાળ સુધીના આવેલા છે, અને તે બધા ઘણું ભાગે ધાતુની મૂર્તિયો ઉપરના ન્હાના ન્હાના લેખોનો સંગ્રહ છે. જો કે આમાંથી વધારે હકીકતો ન મળી શકે છતાં તે જૈન ઇતિહાસને સહાયક રૂપ તો અવશ્ય થઇ શકે. ત્રણે ગ્રંથો ઉપયોગી છે. મળવાનું સ્થળ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર.

**સમયકા સંદેશ ભાગ ૧ તથા ભાગ ૨**—અનુવાદક **ઇશ્વરલાલ જૈન વિશારદ** પ્રકાશકશ્રી **આત્માનંદ જૈન ગુરૂકુળ** વતી **બ્રહ્મચારી શંકરદાસજી** વિવિધ વિચાર માળામાં મુનિરાજ શ્રી **વિદ્યાવિજયજી**એ જે લેખો આપેલા તેનો આ હિંદી અનુવાદ છે, વર્તમાનકાળને બંધબેસતા, સામાજિક અને સમાજને ઉન્નત કરનારા લેખોનો આ સંગ્રહ મૂલ્ય એક એક આનો.

**આદર્શ જૈન**—આ ગ્રંથની આ ત્રીજી આવૃતિ છે તેજ તેની ઉપયોગીતા છે. ભવિષ્યકાળના તેજસ્વી, આદર્શ અને ચેતનજ્ઞાન વીરો ઘડનારૂં આ લઘુ પુસ્તક કે જેમાં આદર્શના ગુઢ રહસ્યો ભરેલાં છે. તેના લેખક ભાઈ બંસીની લઘુ વય છતાં તેમના ગંભીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પ્રબળ વિચારો આ બુકમાં ભરેલા છે જેથી ભાવિકાળમાં સાહિત્યમાં તે એક અગત્ય નો ફાળો આપી શકશે. પ્રકાશક જૈન સસ્તુ સાહિત્ય પ્રચારક કાર્યાલય કલોલ ( ગુજરાત ) કિંમત આઠ આના.

**શ્રી સામાયિક પ્રતિક્રમણ સૂત્ર ( ભાવાર્થ )**—શબ્દાર્થ સહિત પ્રકાશક તથા સંયોજક **ભાયાણી હરીલાલ** જીવરાજભાઇ કાપડીયા ભાવનગર. મૂલ્ય રૂા ૧–૦–૦ જૈન સંપ્રદાયના કેટલાક ગચ્છોના સામાયિક પ્રતિક્રમણમાં ઘણો ફેર છે. જેવા કે દીગંબરી, લોકાગચ્છ, સ્થાનકવાસી ગચ્છ. આ બુક સ્થાનકવાસી ગચ્છના સામાયક પ્રતિક્રમણ સૂત્રની છે. તે ગચ્છ માં ચાલતા, શિખવવામાં આવતાં, અને તેમના તે આવશ્યક ક્રિયા કરવામાં અત્યાર સુધી સુત્રો–પાઠોની ઘણી અશુદ્ધિ બોલવામાં, ભણવામાં આવતી, તે દોષો દૂર કરવા આ બુકના લેખક ભાઇ હરિલાલે ઘણા પ્રયાસે તેની શુદ્ધિ કરી શબ્દાર્થ, ભાવાર્થ અને બીજી કેટલીક ઉપયોગી વસ્તુનો સંગ્રહ કરી આ ગ્રંથ પ્રકટ કરેલ છે જેથી તેમના ગચ્છ માટે તે એક ઉપયોગી અને આવકારદાયક વસ્તુ તૈયાર કરેલ છે. જે જે ગ્રંથોની સહાય લીધી છે તેના સાધનો આ ગ્રંથમાં આપેલ છે, તેમજ અન્ય સંપ્રદાય ( આપણા ) તપગચ્છના મુનિ મહારાજ તથા વિદ્વાન ગૃહસ્થોની પાસે પણ સરલપણે કેટલાક ભાગ શુદ્ધિ માટે તપાસરાવ્યા છે. એકંદરે તેમના ગચ્છ માટે તે ઉપયોગી બનાવેલ છે.

**રીપોર્ટ–શ્રી જૈન વીસાઓસવાળ કલબ અમદાવાદ**—જ્ઞાતિના ઉપયોગના કાર્યોથી તેર વર્ષ થયા સેવા કરનારી આ કલબનો આ રીપોર્ટ છે. કેળવણીને ઉતેજના સ્ત્રી ઉપયોગી ફરતા પુસ્તકાલય વાંચનાલય, માંદાની માવજત દવાખાનું વગેરેથી જ્ઞાતિસેવા કરે છે. કાર્યવાહી ઉત્તમ છે અને કાર્યવાહકો ઉત્સાહી છે અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

**શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ શિવપુરી**—આઠમા નવમાં વર્ષનો રીપોર્ટ વિદ્વાનો, ઉપદેશકો, સંસ્કૃત ભાષાના પંડિતો તૈયાર કરવાના ઉદ્દેશથી જન્મ આપેલ સંસ્થા તેના ઉદ્દેશ પ્રમાણે જૈન સમાજની સહાનુભૂતિથી કાર્ય કરી દિવસાનુદિવસ પ્રગતિ કરી રહેલ છે. સ્વર્ગવાસી આચાર્ય શ્રીમાન્ વિજયધર્મસૂરિ મહારાજ અને વિદ્યમાન તેમનો શિષ્ય સમુદાયના શુભ પ્રયત્ન વડે અને જૈન સમાજ ઉપર ઉપકાર કરી રહે છે. કાર્યવાહી ઉત્તમ અને રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે હિસાબ ચોખવટવાળો છે અમે તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

નીચેના ગ્રંથો ભેટ મળ્યા છે જે સાભાર સ્વીકારવામાં આવે છે.

**શ્રી રત્ન સંચય ગ્રંથ**—શ્રી કચ્છી દશા ઓસવાળ મહાજન હુબલી તરફથી.

**૨ વિજયધર્મસૂરિના વચનામૃતો**—સંગ્રાહક શ્રીયુત માવજી દામજી શાહ કિંમત અમૂલ્ય.

૩ સમાજ ક્રાન્તિ પ્રકાશક ટી. નેમચંદ એન્ડ સન્સ રંગુન મૂલ્ય સદુપદેશ.

૪ દર્શન ઔર અનેકાન્તવાદ લેખક પં–હંસરાજ શર્મા પ્રકાશક આત્માનંદ પુસ્તક પ્રચાર મંડલ શેઠ દેવકરણ મૂળજી તરફથી.

૫ શ્રી કરચલીયા પ્રતિષ્ઠા મહોત્સવ એક અપૂર્વ અવસર શ્રી કરચલીયા શ્રી સંઘ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# જાહેર ખબર.

તૈયાર છે ! **જૈન પંચાંગ.** તૈયાર છે ! !

સંવત ૧૯૮૬ ની સાલનું જૈન પંચાંગ અમારા તરફથી ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી પ્રકટ થયેલ છે. આત્માનંદ પ્રકાશના ગ્રાહકને ભેટ અને અન્ય છુટક નકલ એકનો અરધો આનો. એકસાથે સો નકલના રૂા ૨ાા પોસ્ટેજ જુદું.

લખો—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

---

## જૈન નરરત્ન ભામાશાહનું ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન, કથાઓનો આદર જૈન સમાજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી, તેમજ દેશમાં, સમાજમાં પણ દેશ અને સમાજસેવાનો પવન જોશભેર ફુંકાતો હોવાથી; અમુક અંશે અમુક મનુષ્યો તેવી સેવા કરતા–ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસપ્રસિદ્ધ **જૈન કુલભૂષણ ભામાશાહનું ચરિત્ર** ઐતિહાસિક દૃષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજપ્રેમ–સેવા અને **શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની** અહોનિશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથોસાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇયે છીયે.

શુમારે છત્રીશ ફોર્મ ત્રણશેં પાનાનો સચિત્ર ઉંચા કાગળ પર સુંદર ટાઇપમાં છપાવી સુશોભિત બાઇડીંગથી ગ્રંથ અલંકૃત કરેલ છે. કિં. બે રૂપીયા પોષ્ટેજ જુદું.

---

## શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર )

### ભાગ ૧ લો તથા ૨ જો.

( અનુવાદક–આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી મહારાજ )

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભકિતનું વિસ્તાર પૂર્વક વર્ણન, શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્ય જીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે. આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા, અદ્‌ભૂત તત્વવાદનું વર્ણન, લૌકિક આચાર વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વિગેરે તત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવ જીવનનો માર્ગ દર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધન રૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા ૪–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો. લખો—જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અખંડ બ્રહ્મચર્ય.

" અખંડ બ્રહ્મચર્ય નિસંશય મનુષ્યની સૌથી વિશેષ મૂલ્યવાન સંપત્તિ છે. પણ બ્રહ્મચર્યને માર્ગે જનાર ઘણાંક સ્ત્રી પુરૂષોનાં જીવનનાં નિરીક્ષણ પરથી જણાય છે કે એમાં બે શરતોની અપેક્ષા રહે છે. એક તો એ માર્ગ એણે પોતે સ્વેચ્છાથી સ્વીકાર્યો હોવો જોઇએ, પરાધીનપણે નહિં, અને બીજું, મનુષ્ય ભલે બ્રહ્મચારી હોય પણ એનામાં ગૃહસ્થાશ્રમમાં અથવા કુટુંબમાં પોષાતા ગુણોનો ઉત્કર્ષ થયો હોવો જોઇએ, અથવા તે કરવા પ્રત્યે એનો સાવધાન પ્રયત્ન હોવો જોઇએ. જો આ બે શરતો ન હોય તો બ્રહ્મચર્ય છતાંયે તેની સત્વસંશુદ્ધિ અટકી પડે. જેનામાં વાત્સલ્ય, ઔદાર્ય, આતિથ્ય અને બીજા માટે ઘસાવાની વૃત્તિ, અને તે છતાં પોતે અલ્પ છે એવી નિરભિમાનતા વગેરે ગૃહસ્થના ગુણોનો ઉત્કર્ષ સહજપણે બાળપણથી જ હોય, અથવા જે પ્રયત્નથી તે આણી શકે, તેને પોતાનું જ એક ખાસ કુટુંબ વધારવાનો આગ્રહ ન રહે અને તેને બ્રહ્મચર્ય રાખતાં અતિશય પ્રયાસની જરૂર ન પડે. જે પોતાનાં જ બાળકો વિના વાત્સલ્ય ન અનુભવી શકે, બીજા માટે ઘસાઇ ન શકે, કે બીજા ગુણોનો ઉત્કર્ષ ન ખેડી શકે તે બ્રહ્મચર્યનો પુરો લાભ ન ઉઠાવી શકે. અને સંભવ છે કે પોતાના ગુણોનો ઉત્કર્ષ કરવાના હેતુથી કોઇ પવિત્ર વૃત્તિથી વિવાહિત જીવનનાં કર્તવ્યો શુદ્ધ નિષ્ઠાથી બજાવે તો તે એવા ગુણો વિનાના બ્રહ્મચારી કરતાં વધારે ઉન્નતિ કરે. પણ આ તો તત્વ વિચાર થયો. વ્યવહારિક દૃષ્ટિએ સમાજનાં ધારણ, પોષણ, અને સત્વસંશુદ્ધિને માટે, એ ગુણોનો ઉત્કર્ષ થયો હોય કે ન થયો હોય, તોપણ સર્વેએ અમુક વય સુધી તેમજ અમુક પરિસ્થિતિમાં, જેમકે મંદવાડ, કાચી સુવાવડ, ધાવણું બાળક હોય ત્યારે, અને જે સ્ત્રી કે પુરૂષ સશક્ત, નિરોગી અને પોતાનું તથા પોતાની પ્રજાનું ધારણ પોષણ કરવા સમર્થ ન હોય તેમણે યાવજ્જીવન બ્રહ્મચર્ય પાળ્યે જ છુટકો છે. એવાં પરણનાર અને પરણાવનાર બન્ને સમાજને નુકશાન કરે છે. "

'જીવન શોધન' માંથી.

For Private And Personal Use Only